# વસો કેમ્પસ ખાતે આત્મા પ્રોજેક્ટ-ખેડા દ્વારા આયોજીત જીલ્લા અંદર પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ

તારીખ- ૨૨/૦૭/૨૦૧૯ થી તારીખ- ૨૬/૦૭/૨૦૧૯ દરમ્યાન આત્મા પ્રોજેક્ટ-ખેડા દ્વારા વસો કેમ્પસ ખાતે પાંચ દિવસીય જીલ્લા અંદર તાલીમ કાર્યક્રમ "ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ" વિષય પર યોજાઈ ગયો. જેમાં ખેડા જીલ્લાના પાંચ તાલુકા નડિયાદ, માતર, વસો, ખેડા, તથા મહેમદાવાદ ના અંદાજીત ૬૦૦ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ઊત્સાહપુર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગે ખેડૂતોને માહિતી તથા સમજ આપવામાં આવી. ઉપરાંત પ્રાયોગિક રીતે પણ વૈજ્ઞાનિક ખેતી કરતા શીખવવામાં આવ્યું. તથા ખેડૂત ભાઈઓ તથા બહેનોને આત્મા પ્રોજેક્ટ હેઠળ વસો કેમ્પસ ખાતે તૈયાર થયેલ સીતાફળની કલમ નું વિતરણ કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં પશુપાલન અંગે પણ ખેડૂતોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. આમ આત્મા પ્રોજેક્ટ-ખેડા તથા આણંદ કૃષિ યુનિવર્સિટી,વસોના સહિયારા પ્રયાસો થકી આ તાલીમ કાર્યક્રમ સફળતાપુર્વક પૂર્ણ કરવામા આવેલ.

## તાલીમ કાર્યક્રમ ની કેટલીક યાદગાર પળો..









****